ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ગાંધીનગરને શેરમુડીની ગ્રાન્ટ ફાળવવા બાબત.
રૂ. ૫૦.૦૦ લાખ વર્ષ ૨૦૧૭-૧૮

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશ૫/૧૦૨૦૦૫/૧૦૨૨/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૧૨/૨૦૧૭

29 DEC 2017

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦/૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃબીયુડી/૧૦૨૦૧૭/૧૬૪૩૧૬/બ.

(૨) એમ.ડી., ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરનો તા.૨૮/૧૨/૨૦૧૭નો પત્ર ક્રમાંક : ગુગો/મકમ/૧૪૦૯૬/૨૦૧૭

ઠ રા વઃ-

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે વંચાણે લીધેલા ક્રમાંક (૧) માં દર્શાવેલ આ વિભાગની બજેટ શાખાના ઠરાવથી વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં શેર મુડીની ગ્રાન્ટ પેટે રૂ. ૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. આ બજેટ જોગવાઇ મુજબની રૂ. ૫૦.૦૦ લાખની ગ્રાન્ટ ગુજરાત ગોપાલક વિકાસ નિગમને હવાલે મૂકવાની મંજૂરી આપવા વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના એમ.ડી., ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના તા.૨૮/૧૨/૨૦૧૭ ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની રૂ. ૫૦.૦૦ લાખ ( અંકે રૂપિયા પચાસ લાખ પુરા)ની શેર મુડીની ગ્રાન્ટ ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ સને ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં મંજૂર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

૩. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંકઃ બીયુડી/૧૦૨૦૧૭/૧૬૪૩૧૬/બ પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયેના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરનો તા.

૧૦/૦૪/૨૦૧૭ના ઠરાવ તથા સરખા ક્રમાંકની ફાઇલ પર સક્ષમ અધિકારીની તા.૨૯/૧૨/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ભાવિન પટેલ )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બજેટ, કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૧૭